# નિવેદન

ભારતીય જનસમુદાયમાં ઘણી જ પ્રચલિત પંક્તિ છે, જે પ્રસંગાનુરૂપ ઘણી વાર લોકમુખે ઉચ્ચારાતી રહે છે : 'તુલસી ઇસ સંસાર મેં ભાઁતિ ભાઁતિ કે લોગ!' આ રૂડા શબ્દગુચ્છનો અર્થ સીધોસાદો, સરળ અને સૌને સમજાય એવો બોધપ્રદ છે અને આ સાથે વ્યાપક સમાજચિંતનના નિષ્કર્ષરૂપે એનું આ મહદ્ યથાર્થ પરક બોધન પ્રકારાંતરે સર્વ રીતે, સર્વત્ર અને સદાકાળ 'જગવિસ્તારે' સઘળાયે માનવસમુદાયને સમાન સ્તરે તેમ જ વ્યાપક સ્તરે યથાર્થ બની રહે છે નિઃશંક!

આપણે સૌ સુપેરે એ જાણીએ છીએ કે પ્રત્યેક મનુષ્ય, અન્યો કરતાં નાનાવિધ રીતે વત્તે-ઓછે અંશે કંઈક નોખો હોય છે. અને એમાં પણ પ્રત્યેકનાં સારાં-નરસાં પાસાં કહેતાં ગુણ-અવગુણની બાબત પણ એ જ રીતે એટલી જ એની સાથે સંકળાયેલી છે. સરવાળે, એમ કહેવા-સમજવામાં રતીભાર પણ સંકોચ કેમનો હોઈ શકે?! એટલે કે વ્યાપક વિશ્વ માનવ સમુદાયમાં, અને એ પણ અતીત અને વર્તમાનમાં 'સર્વગુણ સંપન્ન'પણું હોવું સર્વથા અસંભવ છે અને આ અનુસંધાને 'ભાવિ'ની બાબતે આપણાથી કશું જ વિધાન ના કરી શકાય! અને છતાં યુગોથી આવા 'અસમાન માનવસ્વભાવ' થકી પણ જગતનો ક્રમ તો ચાલતો જ આવ્યો છે અને એમાં પણ વિવિધ રીતે સ્વભાવની અસમાનતા અને એની વ્યાપકતાને વશ 'માનવી'એ ઘણા 'ક્લેશ અને સંઘર્ષ' આદિ વિપરીતતાઓનો વિનાશક અનુભવ પણ કર્યો છે.

માનવસ્વભાવની આવી વિલક્ષણતા - અસમાનતાની આટલી ટૂંકી ભૂમિકા પછી એટલું જ સમજવાનું રહે છે કે 'તુંડે તુંડે મતિર્ભિન્નાઃ' અર્થાત્, ઘર-પરિવાર કે સમાજ-સમુદાયથી માંડીને વૈશ્વિક સ્તરે માણસની મતિ-બુદ્ધિ-સ્વભાવમાં રહેલી ભિન્નતાને આપણે સૌ સહજ સ્વીકારતા આવ્યા છીએ. તેમ છતાં પણ આપણને કોઈ પણ અન્યની 'સ્વભાવની સારપ' જ પ્રભાવિત કરે છે. 'ગુણગ્રાહિતા'ના ક્રમે આપણે એના અવગુણને ધ્યાને ના લેતાં, એના ગુણ કહેતાં સારપને જ લેખે લઈ એનો સમુચિત મહિમા કરીએ છીએ.

• • •

સામાન્ય રીતે વ્યાપક જનસમુદાયમાં, એમાં પણ પાઠકગણમાં ઘણું કરીને એવી સ્વાભાવિક માન્યતા પ્રવર્તે છે કે ચરિત્રલેખ / ચરિત્રનિબંધનું આલેખન, સમાજ-સમુદાયના કોઈ પણ ક્ષેત્રના જાણીતા કહેતાં સમાજમાન્ય ઊંચી પ્રતિભા ધરાવતા મહાનુભાવના વ્યક્તિત્વનું જ થાય! તેમ છતાં એ પણ ખરું જ કે 'અસાધારણતા કે વિલક્ષણતા'ની બાબતે નિતાંત એવું પણ ના જ કહી શકાય! હા, એટલું ખરું કે આવા આલેખન-સર્જન વિષયક આનુષંગિક અન્ય બાબતો સહિત આ બાબત પણ ખરી જ! પરંતુ એ 'કેવળ એક' તો નહીં જ! વ્યાપક અર્થમાં ચરિત્ર આલેખનમાં કોઈ પણ રીતે સંબંધિત ચરિત્રના જીવનવ્યવહારમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વત્તે-ઓછે કશુંક નોખું-નિરાળું કહેતાં 'વિલક્ષણ'નું સર્જકની જાણમાં હોવું – સમજવું, જે વિશેષ મહત્ત્વનું બની રહે છે. અને આલેખનકર્તાને આ બાબત જ સહજ અભિપ્રેત હોય છે. કેમ કે વિલક્ષણતા કહેતાં નોખાપણાની ખતવણી કંઈ જનસમુદાયના કથિત મોભાદાર કે શિક્ષિત મહાનુભાવોના નામે જ થઈ છે, એવો મત પણ ના બાંધી શકાય!

ઉપલક સામાજિક દૃષ્ટિએ સામાન્ય માણસ પણ એની આંતરિક સમૃદ્ધિ કહેતાં ઉમદા જીવનમૂલ્ય અને બાહ્ય જીવનવ્યવહારમાં કંઈક વિલક્ષણતા કહેતાં સદ્ગુણ ધરાવતો હોઈ શકે છે. સમાજ-સમુદાયમાં પ્રચલિત એક ઉક્તિના ન્યાયે 'ભૂંડા કહેતાં કંઈ, બધી વાતે માણસ સાવ ભૂંડો નથી હોતો. તેમ સારા કહેતાં કંઈ, સર્વ રીતે માણસ ગુણોનો ભંડાર પણ નથી હોતો!' બસ, આટલી પ્રાથમિક અને સાધારણ સમજણની ભૂમિકાએ 'જીવતરનો અજવાશ' નામે આ સંકલનમાં વ્યાપક સામાજિક દૃષ્ટિએ વિવિધ કાર્યક્ષેત્ર તેમ જ વિવિધ ભૌગોલિક ક્ષેત્ર અર્થાત્, પંથકનાં શિક્ષિત, અલ્પશિક્ષિત, અશિક્ષિત તેમ જ 'લેખામાં નહીં લેવાતા' એવા સાવ છેવાડાના વર્ગનાં અત્યંત સાધારણ ચરિત્રોની સાથે સમાજ-સમુદાયનાં જાણીતાં અને મોભાદાર ચરિત્રોના જીવનકાર્યમાં લખનારની સમજણે, નજરમાં વસેલી 'વિલક્ષણતા'ને કેન્દ્રમાં રાખીને એવાં ચરિત્રોનું અહીં આલેખન કરવામાં આવ્યું છે અને એમાંયે કોઈ પણ નાનો કે સાધારણ અથવા મોભાદાર-મોટો માણસ 'સર્વગુણ સંપન્ન' હોવાના મિથ્યા ખ્યાલથી પરે રહીને, એના વ્યવહારમાં કદાચિત્ ઓછે-વત્તે અંશે 'કશુંક દૂષણ' હોય, તો પણ એમાં કંઈક સ્પર્શી જાય એવા ઉમદા માનવીય ગુણોના વ્યવહારનું નોખાપણું કે વિલક્ષણતા જણાઈ છે,

તો એવાં ચરિત્રોને અન્ય સન્માનનીય – જાણીતાં ચરિત્રોની હરોળમાં રાખીને વિધાયકપણે એવાં 'સાધારણ-અસાધારણ ચરિત્રો'નુંસ્વાભાવિક આલેખન કર્યું છે, કેવળ એ સૌની 'સારપ અને સદ્‌ગુણ'ને ગ્રાહ્ય રાખીને!

આ અનુષંગે લખનારની એવી પણ સ્પષ્ટ સમજણ છે કે આ સઘળાં ચરિત્રોનું આલેખન કે જે 'ચરિત્ર નિબંધ'ના બરનું નથી. બલકે, પોતે એને ચરિત્રલેખ કે શબ્દચિત્ર જ માને છે મિત્રો! પરમકૃપાળુ પરમેશ્વર આ જગતમાં મનુષ્યને પ્રકૃતિ સ્વરૂપે કંઈ ને કંઈક વત્તે-ઓછે વિલક્ષણ આપે જ છે. બસ, આવી થોડી-ઘણી વિલક્ષણતા સાથે જનસમુદાયમાં સાધારણ સ્તરે 'જીવી જાણનાર' ચરિત્રોને આ સંકલનમાં વાચનયોગ્ય સરળ શૈલીમાં આલેખ્યાં છે, એટલું જ કેવળ. શ્રી હરિ!

આ ક્ષણે... આ ગ્રંથ-પ્રકાશનનું 'પ્રોત્સાહક નિમિત્ત' બનવાની સાથે મારા સપ્રેમ આગ્રહના સહજ પ્રતિભાવરૂપે વિદ્યાવંત સર્જક અને ચિંતક શ્રી રાજેન્દ્રભાઈ પટેલની પ્રત્યે સુંદર પ્રસ્તાવના લખી આપવા બદલ મિત્રભાવે અત્યંત આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરું છું.

ઉપરાંત કશા પણ પૂર્વપરિચય વિના આ પુસ્તકનાં 'વિષયવસ્તુ અને એના આલેખન'ને જ ધ્યાને લઈને જાણીતા પ્રકાશન 'Zen Opus'ના એમના ચીવટધર્મી અને સુઘડ પ્રકાશનને માટે 'દીલસે' ધન્યવાદપૂર્વક પ્રસન્નતા વ્યક્ત કરું છું.

**– ઊજમભાઈ પટેલ**

અષાઢીબીજ, વિ.સં.૨૦૮૨.
ગુરુવાર, દિ. ૧૬ જુલાઈ, ૨૦૨૬
મોઢેરા, કર્ણાવતી.

# અનુક્રમ

1. ઉદાત્ત જીવનમૂલ્યો : ડૉ. દ્વારકાદાસ જોશી . . . . . . . . . . . . . . . . . . 1

2. પ્રથિતયશ ઉદ્યોગકર્મી : સેવંતીલાલ શાહ. . . . . . . . . . . . . . . . . . . . 15

3. દાક્તરીનો ચરમ આદર્શ : ડૉ. વી. એન. જોશી . . . . . . . . . . . . . . . 36

4. અધ્યાપનનું આભિજાત્ય : ડૉ. અંબાશંકર નાગર . . . . . . . . . . . . . . 48

5. લોકવિદ્યાવિદ્ ડૉ. ભગવાનદાસ પટેલ. . . . . . . . . . . . . . . . . . . . . . 64

6. નિર્ભાર વિદ્વતા ભોળાભાઈ પટેલ : ભારે કરી... ભોળીદા!. . . . . . . . 83

7. દૃષ્ટિવાન પ્રજ્ઞાચક્ષુ : પ્રો. ર. મો. હાલારી . . . . . . . . . . . . . . . . . . 87

8. દૂધક્રાંતિના પિતામહ : 'અમૂલ'વાળા ત્રિભુવનકાકા. . . . . . . . . . . . . 95

9. શિક્ષક નહીં, ગુરુજી : હમીરસિંહ પરમાર . . . . . . . . . . . . . . . . . . 106

10. ધ્યેયમાર્ગના અણથક પથિક... પ્રો. નારાયણરાવ ભાંડારી. . . . . . . . 115

11. વિરલથીયે વિશેષ : ડૉ. વસંત પરીખ . . . . . . . . . . . . . . . . . . . . 122

12. રાષ્ટ્રભાષા-પ્રચારના અવધૂત : જેઠાલાલ જોશી . . . . . . . . . . . . . . 135

13. શીલભદ્ર શિક્ષક : ડી. એમ. જોશીસાહેબ . . . . . . . . . . . . . . . . . . 146

14. આત્મારામભાઈસાહેબ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 153

15. આરપારનું જાહેરજીવન : મહેન્દ્ર મશરૂ . . . . . . . . . . . . . . . . . . . 164

16. ઉત્તર સાબરકાંઠાની સંત ત્રિપુટી . . . . . . . . . . . . . . . . . . . . . . . 174

17. કર્તવ્યનિષ્ઠા : નારખાનજી જમાદાર . . . . . . . . . . . . . . . . . . . . . 181